# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 12-06-2024 બપોરે : 2.30 થી 2.35pm

વાર : બુધવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM Cabinet Meeting

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતી કાલે સવારે 10 વાગે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી બાદ પ્રથમ વખત કેબિનેટની બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં કેન્દ્ર સરકારને અભિનંદન આપતો પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

બેઠકમાં રાજ્યમાં પ્રિ મોન્સુન કામગીરી સ્થિતિ સંદર્ભે સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત, બજેટની નવી જોગવાઈ અને યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરવામાં આવશે. 27 જૂનથી શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ સંદર્ભે ચર્ચા અને રાજ્ય સરકારનાં નીતિગત વિષયો અને આગામી આયોજનોની સમીક્ષા કરવામાં આવશે.

દરમિયાન, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે સાંજે ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીના શપથ સમારોહમાં હાજર રહેશે.

.................

## Mahanagar Palika Cheque distribution

ગુજરાતની મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓને વિકાસકામો માટે ૨ હજાર ૧૧૧ કરોડ રૂપિયાના ચેક વિતરણ સમારોહ આવતી કાલે સવારે 10 વાગ્યે મુખ્યમંત્રી ભુપેન્દ્ર  પટેલનાં અધ્યક્ષપદે ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

.................

## Food business IT Return

રાજ્યના ખોરાકનાં ઉત્પાદન સાથે સંકળાયેલા ઉત્પાદકો, રિ-પેકર્સ, રિલેબલર્સે ફોર્મ- ડી-૧માં વાર્ષિક રિટર્ન તારીખ ૩૧ જુન સુધીમાં ભરવાનું રહેશે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી કોશિયાએ જણાવ્યું છે કે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરીટી ઑફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા વાર્ષિક રિટર્ન ભરવા માટેની મુદત ૩૦ જૂન સુધી લંબાવવામાં આવી છે. ૩૦ જૂન બાદ પણ રિટર્ન ભરવામાં વિલંબ થશે તો તમામ ખાધ પદાર્થ ઉત્પાદકોએ પ્રતિ દિવસ ૧૦૦ રૂપિયાનો દંડ ભરવાનો રહેશે., તમામ વેચાણકર્તાઓએ દંડ ન ભરવો પડે તે માટે સમયસર વાર્ષિક રિટર્ન ભરી શકાય તે માટે ૩૦ જૂન સુધીમાં રિટર્ન ભરવા તાકિદ કરવામાં આવી છે.

યાદીમાં જણાવાયું છે કે, ખાધ પદાર્થ ઉત્પાદનકર્તાઓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરીટી ઑફ ઈન્ડિયાની વેબસાઈટ પર પોતાના લાયસન્સ નંબર દ્વારા લોગ-ઈન કરી વાર્ષિક રિટર્ન ભરી શકશે .ખાધપદાર્થનાં વેચાણ માટેનાં ડિસ્ટ્રીબ્યુટર, સપ્લાયર, રિટેલર, હોલસેલર, સંગ્રહકર્તા, ટ્રાન્સપોર્ટરને વાર્ષિક રિટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

.................

## GST Service centre

જીએસટી સેવા કેન્દ્રો શરૂ થવાથી બોગસ અરજીઓ આવતી બંધ થઈ છે. સાત મહિનાની અંદર જ, વર્ષ 2022ની સરખામણીએ અરજીઓની સંખ્યામાં સરેરાશ 25 ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે.

ગુજરાત રાજ્ય કર વિભાગના જણાવ્યા અનુસાર અગાઉ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના તેમજ બોગસ દસ્તાવેજોના આધારે GST નોંધણી કરાવીને ટેક્સચોરી કરવાની પ્રવૃત્તિ થતી હતી. પરંતુ સેવા કેન્દ્ર પર બાયોમેટ્રિક રજીસ્ટ્રેશન ફરજિયાત કર્યું હોવાથી અસલ અરજદારને ખરાઇ માટે બોલાવવામાં આવે છે. એક જ કેન્દ્ર પર 40થી વધારે માપદંડોના આધારે અરજીની ચકાસણી કરવામાં આવે છે અને ત્યારબાદ તેમને GST નોંધણી નંબર આપવામાં આવે છે.

અત્યારે રાજ્યમાં વાપી, ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, ગોધરા, મહેસાણા, પાલનપુર, રાજકોટ, ભાવનગર, જુનાગઢ અને ગાંધીધામમાં કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

GST નોંધણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અને બોગસ રજીસ્ટ્રેશન અટકાવીને ટેક્સ ચોરી અટકાવવાના ઉદ્દેશથી નવેમ્બર, 2023માં રાજયમાં 12 જીએસટી સેવા કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી હતી.

ભારતમાં સૌ પ્રથમ ગુજરાતમાં GST સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

.................

## **Panchmahal- Death by falling into a well**

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાનાં  પીપળીયા ગામે 3 માસુમ બાળકીઓના કૂવામાં પડી જવાથી મોત નિપજ્યા છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે ગત સાંજે બકરા ચરાવવા ગામની સીમ તરફના વિસ્તારમાં આ બાળકીઓ નીકળી હતી. બાળકીઓને પાણીની તરસ લાગતા એક બાળકી ત્યાં નજીકમાં આવેલા કાચા કૂવામાં પાણી પીવા જતા લપસી પડી હતી. તેને બચાવવા જતા અન્ય બે બાળકીઓ પણ કૂવામાં પડી  જતાં ત્રણેય બાળકીઓના મોત નિપજ્યા હતા.

.................

## Kutch National Park

ચોમાસામાં ભારે વરસાદના કારણે અચાનક પૂર અને ચક્રવાત જેવી પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ આ સમયગાળો અનેક પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, સરીસૃપ પ્રજાતિઓ માટે પ્રજનનકાળ હોઈ 15 જૂનથી 15 ઓક્ટોબર દરમિયાન.ગુજરાતના તમામ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે  પ્રવાસીઓનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ અંતર્ગત કચ્છ જિલ્લામાં વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવેલા કચ્છ રણ વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ -૧૯૭૨ ની કલમ-૨૮ અને ૩૩ ની જોગવાઈ મુજબ પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

નાયબ વન સંરક્ષક , ભુજ દ્વારા પ્રસિધ્ધ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, આ હુકમનો ભંગ કરનારા વ્યક્તિ સામે વન્યપ્રાણી સંરક્ષણ

અધિનિયમ-૧૯૭૨ની કલમ-૨૭ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

.................

## Mehsana Nagarpalika

મહેસાણા સહિત રાજ્યની નવ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવા માટેની સમીક્ષા બેઠક અગ્ર સચિવ અશ્વિનીકુમારની અધ્યક્ષતામાં મળી હતી, જેમાં નવ નગરપાલિકાઓનાં કલેક્ટર તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં મહેસાણાની નજીકનાં 13 ગામ સહિતની 20 ગ્રામ પંચાયતોના ઠરાવ, વસ્તી, રસ્તાઓ, નકશાઓ સહિતનાં 13 મુદ્દાઓ અંગેની વિગતોની સમીક્ષા કરવામાં આવી હતી.

.................